# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૧૫/૦૨/૨૦૨૩

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# વર્લ્ડ ટ્રેડ સેન્ટરના પ્રતિનિધિ મંડળે ચેમ્બરની મુલાકાત લીધી

## ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીના ડેવલપમેન્ટ, સેન્ટર ઓફ એકસલન્સ, સ્કીલ સેન્ટર્સ, મહિલા સશકિતકરણ, ગ્લોબલ પ્લેસમેન્ટ અને સુરતના વ્યવસાયિકોને વૈશ્વિક બજાર પૂરું પાડવાની દિશામાં વિસ્તૃત ચર્ચા થઇ : ચેમ્બરના પ્રમુખ હિમાંશુ બોડાવાલા

**સુરત.** વર્લ્ડ ટ્રેડ સેન્ટર (કસ્ટમર એન્ગેજમેન્ટ એન્ડ ડિસ્ટ્રીબ્યુશન)ના જોઈન્ટ પ્રેસિડેન્ટ નિસા શેખે ગુરૂવાર, તા. ૯ ફેબ્રુઆરી ૨૦૨૩ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની મુલાકાત લીધી હતી. નિસા શેખ ઉપરાંત વર્લ્ડ ટ્રેડ સેન્ટર સર્વિસિસના મેનેજર અમૃતલાલ બતવાલ અને એડવાઇઝર (ચંડીગઢ) અરૂણ કોટવાલે ચેમ્બર ઓફ કોમર્સના ઓફિસ બેરર્સ તેમજ સભ્યો સાથે ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીના ડેવલપમેન્ટ વિષે, સેન્ટર ઓફ એકસલન્સ, સ્કીલ સેન્ટર્સ, મહિલા સશકિતકરણ, ગ્લોબલ પ્લેસમેન્ટ અને સુરતના વ્યવસાયિકોને વૈશ્વિક બજાર પૂરું પાડવાની દિશામાં વિસ્તૃત ચર્ચા કરી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ હિમાંશુ બોડાવાલાએ જણાવ્યું હતું કે, ચેમ્બર દ્વારા યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકામાં પણ એકઝીબીશનો કરવામાં આવી રહયાં છે. ચાલુ વર્ષે એક મહિના બાદ એપ્રિલ–મે મહિનામાં ચેમ્બર દ્વારા અમેરિકાના બે જુદા–જુદા શહેરો જેવાં કે ડલાસ અને અટલાન્ટા ખાતે 'ઇન્ડિયા ફર્નિચર એન્ડ ડેકોર એક્ષ્પો'નું આયોજન કરાયું છે. દક્ષિણ ગુજરાતના ટેક્ષ્ટાઇલ, ડાયમંડ, કેમિકલ એન્ડ ફાર્મા સહિતના

વિવિધ ઉદ્યોગોના ડેવલપમેન્ટ હેતુ તેમજ ઉદ્યોગકારોને વૈશ્વિક બજાર પૂરું પાડવા માટે ચેમ્બર ઓફ કોમર્સ અને વર્લ્ડ ટ્રેડ સેન્ટર એકબીજાની સાથે ટાયઅપ કરીને આગળ વધી શકે તેમ છે.

નિસા શેખે જણાવ્યું હતું કે, વર્લ્ડ ટ્રેડ સેન્ટર ભારતના ૩૦૦ જેટલા શહેરોમાં સરકાર, ઉદ્યોગો, કોર્પોરેટ્સ, એનજીઓ અને ફન્ડીંગ એજન્સીઓ સાથે કામ કરે છે. તેઓ ભારતની સાથે નેટવર્ક ધરાવે છે તથા ભારતના મેક ઇન ઇન્ડિયા, ડિજીટલ ઇન્ડિયા, સ્ટાર્ટ–અપ ઇન્ડિયા અને આત્મનિર્ભર ભારત જેવા અભિયાનમાં જોડાઇને એન્વાયરમેન્ટ અને ઇકો સિસ્ટમ ઉભી કરવા માટે કામ કરી રહયાં છે. સુક્ષ્મ, લઘુ તથા મધ્યમ ઉદ્યોગોને ગ્લોબલ એકસેસ પૂરું પાડવા માટે પ્રયાસ કરી રહયાં છે. લોકોને રોજગારી અપાવવા તથા યુવાઓને ઉદ્યોગ સાહસિક બનાવવા માટે પ્રયાસ કરી રહયાં છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે ટ્રેડ ઇન્ફ્રાસ્ટ્રકચર ઉભું કરવા, બિલ્ટ ઇન્ડિયન ચેમ્પીયન્સ માટે, એકસેસ ટુ માર્કેટ, ટેકનોલોજી એન્ડ બેસ્ટ પ્રેકટીસિસ માટે અને ફૂડ એન્ડ એગ્રીકલ્ચર માટે તેઓ ચેમ્બર ઓફ કોમર્સની સાથે મળીને કામ કરવાની ઇચ્છા ધરાવે છે. મુખ્યત્વે ટેક્ષ્ટાઇલ, જેમ્સ એન્ડ જ્વેલરી, પ્લાસ્ટીક અને આઇટી ક્ષેત્રે વર્લ્ડ ટ્રેડ સેન્ટર, ચેમ્બર ઓફ કોમર્સને સાથે રાખીને આગળ વધવા માગે છે.

વર્લ્ડ ટ્રેડ સેન્ટરના પ્રતિનિધિઓની મુલાકાત દરમ્યાન ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ હિમાંશુ બોડાવાલા ઉપરાંત માનદ્‌ મંત્રી ભાવેશ ટેલર તથા ભૂતપૂર્વ પ્રમુખો બી.એસ. અગ્રવાલ અને ડો. અજોય ભટ્ટાચાર્ય તેમજ ગૃપ ચેરપર્સન ડો. બંદના ભટ્ટાચાર્ય હાજર રહયાં હતાં.